ડાહી સાસરે જાય નહીં અને ગાંડીને કહે તું સાસરે જા તેવો ઘાટ..!!

બાયડ પાલિકાને ઝડપથી ટેક્ષ વસુલવા ફરમાન, બાયડ પ્રાંત કચેરીનો અધધ રૂા.૧.૨૦ લાખનો ટેક્ષ બાકી : સરકારી મિલકતો ઉપરાંત શૈક્ષણિક સંકુલો, નાગરિક પુરવઠા નિગમનો પણ ટેક્ષ બાકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

બાયડ નગરપાલિકાની નબળી વેરા વસુલાત પછી પ્રાદેશિક

કમિશનર કચેરીનું તેડું મળ્યા પછી ટેક્ષ વસુલવા માટે ફરમાન થયું છે. બાયડ પાલિકાને રૂા.૧.૫૦ કરોડના વેરા વસુલવાના બાકી છે જેમાં બાયડ પ્રાંત કચેરીનો સર્વાધિક રૂા.૧,૨૦,૬૫૮નો ટેક્ષ બાકી છે. બે તાલુકાના વહીવટની મુખ્ય કચેરીનો અધધ ટેક્ષ બાકી હોવાથી ડાહી સાસરે જાય નહીં અને ગાંડીને કહે તું સાસરે જા તેવા ઘાટની ટીખળ શરૂ થઈ છે. ઉપરાંત બાયડમાં સરકારી મિલકતો, શૈક્ષણિક સંકુલો અને નાગરિક પુરવઠા નિગમનો મળી સરકારી મિલકતનો જ રૂા.૧૪,૭૯,૨૭૦ નો ટેક્ષ બાકી હોવાની વિગતો સામે આવી છે.

બાયડ પ્રાંત કચેરી દ્વારા ટેક્ષ ભરવામાં ઉદાસીનતા કેમ છે..?? તેને લઈને પણ અનેક સવાલ ઉભા થયા છે.

બાયડ પાલિકામાં વધુ સ્ટાફની ભરતી કરી હોવા છતાં કામગીરી જ લકવાગ્રસ્ત થઈ હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. બીજી તરફ કોરોનાકાળ ૧૧ મહિનાથી ચાલતો હતો જેના કારણે પણ પાલિકાએ સંવેદના દાખવી હોય પરંતુ ટેક્ષ ધારકોએ તેનો દુરૂપયોગ કર્યો હોય તેવું પણ માની શકાય. બાયડ પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયા પછી માત્ર રૂા.૨ લાખનું સ્વભંડોળ હોવાથી તિજોરી ખાલીખમની સ્થિતિ છે. સ્વભંડોળ તળીયે જતાં પાલિકાને કાળઝાળ ગરમીમાં આર્થિક સંકળામણની સ્થિતિ છે. એક રીતે માત્ર ૩૨ ટકા જેટલો વેરો વસુલ્યો હોવાથી નબળી કામગીરીની રાજ્ય કક્ષાએ નોંધ લેવામાં આવી હતી. ઈન્ચાર્જ ચીફ ઓફીસર સહિત પાલિકાના સ્ટાફને પ્રાદેશિક કમિશનરનું તેડું આવ્યા પછી તા.૩૧ માર્ચ સુધીમાં વેરા વસુલાત ૮૦ ટકા સુધી પહોંચાડવાનું લક્ષ્ય આપવામાં આવ્યાનું માનવામાં આવી રહ્યું છે ત્યારે બાયડનગરમાં જ આવેલી સરકારી-અર્ધસરકારી શાળાઓ ઉપરાંત પ્રાંત કચેરી, તાલુકા પંચાયત કચેરી, પી.ડબલ્યુ. ડી., નાગરિક પુરવઠા નિગમનો વધુ ટેક્ષ બાકી હોવાનું સામે આવ્યું છે.

કોનો કેટલો ટેક્ષ બાકી..

નામ	રકમ
પ્રાંત કચેરી, બાયડ	રૂા.૧,૨૦,૬૫૮
તાલુકા પંચાયત કચેરી, બાયડ	રૂા.૧૮,૧૦૮
પી.ડબલ્યુ.ડી.	રૂા.૮૩૮૮
નાગરિક પુરવઠા નિગમ	રૂા.૬૭૪૫
તાલુકા પંચાયત ગોડાઉન	રૂા.૧૬,૩૦૯

પ્રાંત કચેરી પાસે ટેક્ષ બાકીની જાણકારી નથી

બાયડ : બાયડ પ્રાંત કચેરીનો સંપર્ક કરતાં બાયડ પાલિકાના બાકી નિકળતા રૂા.૧.૨૦ લાખના ટેક્ષ બાબતે કોઈ જાણકારી નથી. ખુદ સરકારી કચેરીઓ જ બાકીદાર હોય તો પછી અન્ય બાકી ટેક્ષધારકોને શું કહેવું..??

અધિક કલેકટરની અધ્યક્ષતામાં પરીક્ષા સંદર્ભે બેઠક યોજાઈ

આગામી ૨૧ માર્ચે હિંમતનગર ખાતે ૨૮ સેન્ટરો પર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ ૧-૨ની પરીક્ષા યોજાશે : જિલ્લામાં નોંધાયેલા ૬૯૦૫ વિદ્યાર્થીઓ ૨૮૮ બ્લોકમાં પરીક્ષા આપશે : ક્લાસરૂમ સેનેટાઇઝ, પીવાના પાણીની, વ્યવસ્થા તથા સીસીટીવી કેમેરા સોપાયેલ ફરજના અધીકારીએ ચેક કરી લેવા સૂચના અપાઇ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૮

આગામી ૨૧ માર્ચે રાજયભરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે આ પરીક્ષાની તૈયારીઓના ભાગરૂપે આજે સાબરકાંઠા જિલલા કલેકટર કચેરી ખાતે અધિક કલેકટર એચ.આર.મોદીની અધયક્ષતામાં પરીક્ષા સંદર્ભે બેઠક યોજવામાં આવી હતી. જેમાં ઝોનલ અધિકારી, આયોગના પ્રતીનિધી અને તકેદારી અધિકારી તથા પરીક્ષા સબંધિત કર્મયોગીઓ ઉપસ્થતિ રહ્યા હતા. જેમાં પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે દીશામાં કામગીરી કરવા સૂચન કર્યુ હતું

જેમાં હિંમતનગરના ૨૮ સેન્ટરોના ૨૮૮ બ્લોક પરથી ૬૯૦૫ વિધાર્થીઓ પરીક્ષા આપશે. કોરોનાને લઈ વિધાર્થીઓના કલાસરૂમ સેનેટાઇઝ કરવા,પીવાના પાણી તથા આનુસંગિક વ્યવસ્થા કરવા પર ખાસ ભાર મુક્યો હતો

સાબરકાંઠા જિલ્લાના કલાલ જ્ઞાતિના લોકોએ કોંગ્રેસ નેતા અર્જુન મોઢવાડિયાના નિવેદન વિરુદ્ધ આવેદનપત્ર આપ્ય

ખેતરમાંથી કાઢી કલાલ દેશમાંથી કાઢો દલાલના બેનર સામે કલાલ સમાજની લાગણી દુભાઈ..

ઈડર (બ્યુરો ઓફીસ)તા.૧૮

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને નેતા અર્જુન મોઢવાડીયાએ રેલી કાઢી બેનરો સાથે અભદ્ર ટીપ્પણી કરતા રાજ્ય ભર ના વિવિધ જિલ્લા ના કલાલ જ્ઞાતિ લોકોએ આવેદન આપવા આપી અર્જુન મોઢવાડીયા ના નિવેદન નો વિરોધ કરાઈ રહ્યો છે,

આ અંગે પ્રાપ્ત માહિતી પ્રમાણે કોંગ્રેસ ના નેતા અને કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડીયા એ તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય અમદાવાદ ખાતે થી રેલી કાઢી બેનર્સ બનાવી કલાલ સમાજ ની અભદ્ર ટિપ્પણી કરી કલાલ ની લાભની દુભાતા

સમગ્ર કલાલ સમાજના બેનરો ''ખેતર માંથી કાઢી કલાલ, દેશમાંથી કાઢો દલાલ'' ના બેનરો અને સૂત્રોચ્ચાર કરતા સમગ્ર કલાલ ની લાગણી દુભાતા આજે ઠેર ઠેર જિલ્લા માં કલાલ સમાજે કલેકટર ને આવેદન આપવામાં હતા

પ્રાંતિજમાં શ્રી રાંદલ મહાકાલી મંદિરના ચોથા પાટોત્સવની ભવ્ય ઉજવણી

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શ્રી રાંદલ મહાકાલી મંદિર નો ચોથો પાટોત્સવ ની ભવ્ય

ઉજવણી કરવામાં આવી તો પ્રસંગે ધર્મ પ્રેમી લોકો ઉપસ્થિત રહી દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી.પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ પૌરાણિક અને પ્રાચીન વાવ ખાતે આવેલ શ્રી રાંદલ મહાકાલી મંદિર નો ચોથો પાટોત્સવ ની મંદિર વ્યવસ્થા શૈલેષભાઈ ત્રિવેદી તથા મંદિર વ્યવસ્થાપક કમીટી દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી તો પાટોત્સવ મા યજમાન તરીકે સંગીતાબેન દશરથસિંહ રાઠોડ દ્વારા હવન મા લાભ લીધો હતો તો આચાર્ય પ્રશાંત ત્રિવેદી દ્વારા શાસ્ત્રોક્ત વિધિ હવન પૂજા કરવામા આવી હતી તો ૫૧૭ વર્ષો જુના આ મંદિરની સ્થાને ચાર વર્ષ અગાઉ વિશાળ મંદિર નું નિર્માણ કરવામાં આવ્યું છે તો આ મહાકાલી મંદિર સમગ્ર પંથક માં પ્રચલિત બનેલ છે તો મંદિર સંકુલમાં ધર્મશાળા તેમજ ભોજનાલય શરૂ કરવામાં આવી છે તો મહંત સુનીલદાસ જીમહારાજ, મનુભાઈ મહારાજ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, દેવીબેન, ક્રિષ્નાબેન સહિત પ્રાંતિજ- સહિત તાલુકામાંથી ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને મંદિરમાં બિરાજમાન શ્રી મહાકાલી માતાના તથા હવનના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

અટલ મહારક્તદાન કેમ્પ

ધનસુરા જિલ્લા પંચાયત સદસ્યએ ૧૨૦ બોટલ રક્ત એકત્ર કરી જન્મ દિવસ ઉજવ્યો

યુવાનોએ રક્તદાન કેમ્પમાં ઉત્સાહ દર્શાવ્યો

ધનસુરા, બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ધનસુરા જિલ્લા પંચાયત સદસ્ય હિરેન એચ. પટેલે જન્મ દિનની અનોખી ઉજવણી કરી જન્મ દિન નિમિત્તે અટલ મહારક્તદાન કેમ્પના નેજા હેઠળ ધનસુરામાં તેમના ફાર્મમાં યોજાયેલા રક્તદાન કેમ્પમાં

૧૨૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. પટેલ બ્લડ બેન્કના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પમાં યુવાનોએ રક્તદાન-મહાદાનના સૂત્રને સાર્થક કરી દેખાડયું છે. જરૂરીયાતમંદ દર્દીઓ જેવા કે થેલેસેમીયા, કેન્સર, હીમોફેલીયા અને પાંડુરોગથી પીડાતા દર્દીઓને રક્તની બોટલ મફત આપવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું છે. આજકાલ બર્થ-ડે પાર્ટીમાં લખલૂંટ ખર્ચો કરવામાં આવે છે તેનો કોઈ અર્થ રહેતો નથી ત્યારે તાજેતરમાં યોજાયેલી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ધનસુરા બેઠક ઉપરથી ભાજપના હિરેન પટેલ વિજેતા બન્યા હતા. તા.૧૮ માર્ચના રોજ જન્મ દિનને અનોખી રીતે ઉજવવાનો તેમના મિત્ર રોકી પટેલ અને અન્યોએ નિર્ણય કર્યો. મોડાસાની પટેલ બ્લડ બેન્કના સહયોગથી યોજાયેલા રક્તદાન કેમ્પમાં ગણતરીના કલાકોમાં જ ૧૨૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં સ્થાનિક તેમજ જિલ્લાના ભાજપના આગેવાનો, સંગઠન પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગર વિભાગ નિવૃત્ત બીએસએનએલ કર્મચારી સંગઠન AIBDPA દ્વારા પડતર માગણીઓ અંગે ધરણા પ્રદર્શન

માલપુર તા.૧૮

ઓલ ઈન્ડિયા બીએસએનએલ એન્ડ ડી. ઓ. ટી. પેન્શનર્સ એસોસિએશન મુખ્યાલય દ્વારા પડતર માંગણીઓના નિકાલ માટે આપવામાં આવેલ ધરણા પ્રદર્શન ના કાર્યક્રમને અનુસરીને **AIBDPA**

ગુજરાત રાજ્યના મહામંત્રી શ્રી મનુભાઈ ચનિયારા દ્વારા આપવામાં આવેલ આદેશ મુજબ ૧૬ મી માર્ચ ને મંગળવારના રોજ હિંમતનગર વિભાગ નિવૃત્ત બીએસએનએલ કર્મચારીઓના સંગઠન AIBDPA ના મહામંત્રી પી કે પટેલ તથા પ્રમુખ પી એસ ઉપાધ્યાયના આદેશને અનુસરી ને હિંમતનગર ખાતે સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન ધરણા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને મોટી સંખ્યામાં સભ્યોએ હાજરી આપી સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત સંગઠનના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી વિજયભાઈ કે પંડ્યા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હાજર રહેલ આગેવાનોએ પડતર માગણીઓ જેવી કે પે રીવિઝન ઝડપથી કરવું સ્થગિત કરેલા મોંઘવારી ભથ્થા સત્વરે આપવા વિગેરે બાબતે સભ્યોને જાણકારી આપી સરકારશ્રીને વહેલી તકે આ બાબતે ઘટતું કરવા અનુરોધ કર્યો હતો.

પ્રાંતિજ માર્કેટયાર્ડની ચુંટણી યોજાશે

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટયાર્ડ ની ૧૨ સીટો માટેનુ મતદાન યોજાશે. પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ખેડુત વિમાગ ની ૧૦ સીટો અને સહકાર વિભાગ ની ૨ સીટો માટે ની ચુંટણી યોજાશે જેમા વેપારી વિમાગ ની ૪ સીટો બીન

હરીફ જાહેર થયેલ છે ત્યારે ખેડુત વિભાગ ની ૧૦ સીટો માટે ૨૦ ઉમેદવારો મેદાન મા છે અને સહકાર વિભાગ ની ૨ સીટો માટે ૫ ઉમેદવારો મેદાન મા છે અને ૧૯-૩-૨૦૨૧ ના રોજ ૯ થી ૫ માર્કેટયાર્ડ ખાતે ચુંટણી યોજાશે અને બીજા દિવસે ૨૦-૩-૨૦૨૧ ના રોજ માર્કેટયાર્ડ ખાતે મત ગણતરી હાથ ધરવામા આવશે તેવુ માર્કેટયાર્ડ ના ચેરમેન શૈલેષ ભાઈ પટેલ દ્વારા જણાવવામા આવ્યુ હતુ.

ચૂંટણી પછીના ધડાકા

બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં પૂર્વ ધારાસભ્યએ કોંગ્રેસનો પ્રચાર કર્યાનો આરોપ

સમગ્ર વિસ્તારમાં હલચલ મચી, ૭ બેઠકોની હારનું પોસ્ટમોર્ટમ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

બાયડ નગરપાલિકાની ૨૪ બેઠકમાંથી ૧૭ બેઠક મેળવી ભાજપે ભગવો લહેરાવ્યો છે. જ્યારે ૭ બેઠકમાં ભાજપનો પરાજય થતાં હારનું પોસ્ટમોર્ટમ શરૂ થયું છે જેમાં બાયડ પાલિકાના વોર્ડ નં.૨ માં સમાવિષ્ટ સુંદરપુરામાં પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ કોંગ્રેસનો પ્રચાર કર્યાનો સ્થાનિક કાર્યકરોએ આરોપ મૂકતાં બાયડ તાલુકાના રાજકારણમાં ચૂંટણી પછીના ધડાકા સામે આવ્યા છે.

ચૂંટણીના પરિણામો પછી જીત અપાવનારા સાચા મહારથીઓ હોંશિયામાં ધકેલાય છે અને હાર પછી અનેક પ્રકારની વિગતો સામે આવતી હોય છે. બાયડ પાલિકામાં વોર્ડ નં.૨માં સમાવિષ્ટ રવિપાર્ક, હેર વિસ્તાર, ભૂખેલ તલાવડી, લાખેશ્વરી, અદાનાછાપરા અને સુંદરપુરાનો સમાવેશ થયો છે. કોંગ્રેસ વોર્ડ નં.૨ ની તમામ ૪ બેઠકો જીતવાના દાવા કર્યા હતા સામે પક્ષે ભાજપે તમામ તાકાત કામે લગાડી બેઠકો જીતવાનો પ્રયાસ કર્યો હતો. ચૂંટણી પરિણામ જાહેર થયું ત્યારે વોર્ડ નં.૨ માં ભાજપે ૩ અને કોંગ્રેસે ૧ બેઠક મેળવી સુંદરપુરાના ભાજપના ઉમેદવારનો માત્ર ૧૦ મતથી પરાજય થયો ત્યારે તાજેતરમાં જ બાયડ શહેરના ભાજપ કાર્યાલય ખાતે મળેલા કાર્યકરોએ સુંદરપુરામાં પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ કોંગ્રેસનો પ્રચાર કર્યાનો સનસનીખેજ આરોપ મૂકતાં ઉપસ્થિત કાર્યકરો સ્તબ્ધ બની ગયા હતા. સુંદરપુરાના ભાજપના અગ્રણીઓએ આ અંગે કમલમ્માં જઈ ફરિયાદ કરવાનો નિર્ણય કર્યાનું જાણવા મળ્યું છે.

મારા ઉપરના આરોપ બેબુનિયાદ : પૂર્વ ધારાસભ્ય

બાયડ : બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ જણાવ્યું કે મેં કોંગ્રેસનો પ્રચાર કર્યો નથી. મારા વિરૂદ્ધ ખોટો અપપ્રચાર થઈ રહ્યો છે. ભાજપના જવાબદાર આગેવાનોને પૂછો કે બાયડ પાલિકાની ચૂંટણીમાં મેં કેટલી મદદ કરી છે. મને ભાજપે પ્રચાર રેલીમાં પણ બોલાવ્યો નથી તેવી હૈયાવરાળ પણ ઠાલવી હતી.

ગાંધીનગર સમાચારના અહેવાલ સચોટ ઠર્યા

જિલ્લામાં વિજ તંત્રના વાંકે ખેતરોમાં ભસ્મિભૂત થતો ઘઉંનો પાક

મુલોજકંપામાં વિજ વાયર તૂટતાં ૩૫૦ મણ ઘઉં રાખ બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ઘઉંના ખેતરોમાં ઝોલા ખાતા વિજ તારથી પાક ઉપજ જોખમ તોડાતું હોવાના અહેવાલ તા.૨૩ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ

કરવામાં આવ્યા હતા જે આગની ઉપરા છાપરી ઘટનાઓ પછી સચોટ ઠર્યા છે. મોડાસા તાલુકાના મુલોજકંપાની સીમમાં ખેડૂત રમણભાઈ નારણભાઈ પટેલના ખેતરમાં વિજતાર તૂટતાં ખેતરમાં ઉભા ઘઉંના પાકમાં આગ પ્રસરી જતાં રૂા.૧ લાખની કિંમતના ૩૫૦ મણ ઘઉંનો પાક રાખ બની જતાં ખેડૂતાના હાથમાં આવેલો કોળીયો છીનવાયો હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. આ અગાઉ મેઘરજના રાયાવાડાના ખેડૂત મુકેશ સોમાભાઈના ખેતરમાં પણ લાગેલી આકસ્મિક આગમાં ૧૦૦ મણ ઘઉંનો જથ્થો રાખ બની ગયો હતો.

દર વર્ષે ઘઉંની સીઝનમાં વિજ તંત્રના વાંકે ખેતરોમાં આગ લાગવાના બનાવો સામે આવતા હોય છે. સમારકામના નામે ધુપ્પલ ચલાવાતું હોવાથી ઝોલા ખાતા વિજતાર સામાન્ય પવનમાં ભેગા થવાથી ખેતરોમાં તણખા ઝરતા હોય છે જેથી ખેતરો આગની લપેટમાં આવી જતાં હોય છે. આ વર્ષે પણ આ પ્રકારના બનાવોનું પુનરાવર્તન થવાની દહેશત ગાંધીનગર સમાચારમાં વ્યક્ત કરવામાં આવી હતી. વિજ તંત્રના નઘરોળ અધિકારીઓએ સમારકામની કામગીરી માત્ર કાગળ ઉપર કરી હોય તેમ હવે એક પછી એક ખેતરો આગની જવાળાઓમાં લપેટાઈ રહ્યાં છે. તાલુકાના મુલોજકંપાના સીમાડામાં ઝોલા ખાતો વિજતાર તૂટી પડ્યા પછી ખેતરમાં વાવેતર કરેલો ઘઉંનો પાક જોત જોતામાં જ ભસ્મિભૂત થઈ જતાં ખેડૂત પરિવાર બેહાલ બની ગયો છે. જિલ્લામાં ખેતરોમાં આગના બનાવો છતાં વિજ તંત્ર દ્વારા જોખમી વિજતારનું સમારકામ કરવામાં ન આવતાં ખેડૂતોમાં જબ્બર આક્રોશ પ્રવર્તિ રહ્યો છે.

ઉનાળામાં રસ્તા લોહી તરસ્યા : શામળાજી પાસે કાર ટ્રક પાછળ ઘૂસી, ૧ નું મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

શામળાજી નજીક પૂરઝડપે જતી કાર ટ્રક પાછળ ઘૂસી જતાં

૧ જણનું મોત નિપજ્યું છે. જ્યારે અન્ય ૧ જણને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર પૂરઝડપે જતી કાર(નં.જી.જે.૦૧-અ ૨ જી - ૬૯૦૯)ના ચાલકે પૂરઝડપે હંકારી ટ્રક પાછળ ઘૂસી જતાં અમદાવાદના સંદીપભાઈ ભીખાભાઈ પરમારનું મોત નિપજ્યું હતું. જ્યારે તેમના ભાગીદારને સામાન્ય ઈજાથી ચમત્કારીક બચાવ થયો હતો. બનાવ અંગે શામળાજી પોલીસે મૃતક કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જન્મદિને વધામણી

વિજેતાબેન સમીકકુમાર શાહ
આકરૂન્દ, તા.ધનસુરા

આવિષ્કાર હોસ્પિટલથી બાયપાસ હાઈવેને જોડતા ખખડધજ - બિસ્માર રોડ ઉપર અંધારપટ

લાઈટના થાંભલા તો છે ! પણ લાઈટ નથી !

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૮

હિંમતનગર શહેરના હાર્દસમા મોતીપુરા વિસ્તારના આવિષ્કાર હોસ્પિટલ થી બાયપાસ હાઈવેને જોડતો રોડ બિસ્માર અને ખખડધજ હાલતમાં હોવાની સાથે આ માર્ગ

- **ઓવર લોડિંગ ભારે વાહનોનો ઘસારો : ભારે વાહનો ઉપર પ્રતિબંધ હોવા છતાં સરેઆમ જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ થાય છે**
- **નગરપાલિકા તંત્ર દ્વારા આ રોડ ઉપર કોંક્રેટ અને માટીના ઢગલા ખડકીને સંતોષ માનવામાં આવે છે**

ઉપરના થાંભલાઓ ઉપર લાઈટો બંધ હોવાથી રાત્રી દરમિયાન અંધારપટ છવાયેલો રહેવા થી આ માર્ગ ઉપરથી પસાર થતા રાહદારીઓ - વાહનચાલકો સહીત સ્થાનિક લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે આ માર્ગ ઉપર રાત્રી દરમિયાન લાઈટો બંધ હોવાની સાથે બિસ્માર અને ખખડધજ રોડની પગલે રાહદારીઓ સહિત વાહન ચાલકોમાં અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે લોકોની અવરજવરથી સતત ધમધમતા આ માર્ગ ઉપર નાના-મોટા ભારે વાહનોનો ભારે ઘસારો હોવાથી અને ખખડધજ રોડને પગલી ધૂળની ડમરીઓ ઉડતા ભારે હાલાકીનો સામનો કરવો પડે છે વળી , આ માર્ગ ઉપર ઓવર લોડિંગ ભારે વાહનોનો ઘસારો જોવા મળે છે અહીં ભારે વાહનો ઉપર પ્રતિબંધ હોવા છતાં સરેઆમ જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ થાય છે

માંડ માંડ અડધો કિલોમીટરથી પણ ઓછા અંતરના આ રોડને તૈયાર કરવામાં તંત્ર દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવતા લોકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે દિવસ તેમ જ રાત્રિ દરમિયાન લાંકાની અવરજવરથી સતત ધમધમતા આવિષ્કાર હોસ્પિટલથી બાયપાસ હાઈવેને જોડતા આ ખખડધજ - બિસ્માર રોડ ઉપર અંધારપટ : લાઈટના થાંભલા તો છે ! પણ લાઈટ નથી ! જેને

લઈને વિસ્તારના સ્થાનિક રહીશો દ્વારા સ્થાનિક કક્ષાએથી ઉચ્ચ કક્ષા સુધી અનેકવાર રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય ! જોવા મળતા વિસ્તારના સ્થાનિક રહીશો 'જાયે તો જાયે કહા ' એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે ઉલ્લેખનીય છે કે, આવિષ્કાર હોસ્પિટલથી બાયપાસ હાઈવેને જોડતા આ બિસ્માર - ખખડધજ માર્ગ ઉપરથી જિલ્લાભરની જવાબદારી જેના શિરે છે તેવા જિલ્લા પંચાયતના અધિકારીઓ - પદાધિકારીઓ અહીં રોજ અવર-જવર કરે છે તેમ છતાં વહીવટી તંત્રના પેટનું પાણી પણ હલતું નથી ! તેમજ માંડ માંડ અડધો કિલોમીટરથી પણ ઓછા આ રૂડો અંગેની સમસ્યા અંતર્ગત સ્થાનિક રહીશો દ્વારા નગરપાલિકામાં રજૂઆતો કરવામાં આવતા નગરપાલિકા દ્વારા આ રોડ ઉપર કોંક્રેટ અને માટીના ઢગલા ખડકીને સંતોષ માનવામાં આવે છે વળી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ઢંઢેરા દરમિયાન વિકાસની વાતો કરનાર શાસક પક્ષ આ વિસ્તારની ક્યારે ? ન્યાય આપશે ! એ વિષય ઉપર હાલ તો મોટો પ્રશ્નાર્થ ? ઉભો થવા પામ્યો છે

અવસાન નોંધ...

બાયડ : અરવલ્લી જિલ્લાના મોડાસાના ધ્રુવ(ભૈયો) ભાટીયાના પિતા અને મુકેશભાઈ કોદરલાલ ભાટીયા, કલ્પેશભાઈ ભાટીયા(દધાલિયા, હાલ રહે.મોડાસા)ના બનેવી મુકેશલાલ ચુનીલાલ ભાટીયાનું નિધન થયું છે. સદ્ગતનું સૂતક અને બેસણું તા.૨૧ માર્ચ, રવિવારે તેમના નિવાસસ્થાન માળીવાડ,ધોબીઢાળ-મોડાસા રાખેલ છે.